સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

પૂરાયા પ્રાણ પ્રજાના ઓક્સિજન બાટલે બાટલે !
કરો પ્રેમથી સેવા પ્રજા પૂજશે પાટલે પાટલે !
આટલે સુધી ધરાઈ છે એ આંકડાના ઓડકારે
આપો વાત્સલ્યની ગોળી ફરો ખાટલે ખાટલે..
(ડો. જયંતી રવિની સાચી દિશામાં દોટ)

હાઈકુ

ખૂટે છો બધું !
પણ ટકાવી રાખો !
શ્રદ્ધા - વિશ્વાસ -
(પ્રજાનો, સરકારમાં)

પ્રેમ લાગણી -
એ જ છે ઓક્સીજન -
આપો દિલથી..
(દર્દીઓ તરફનો વર્તાવ)

ચિંતન

તદન્તરપ્રતિપત્તૌ રંહતિ સમ્પરિષ્વક્ત : પ્રશ્નનિરૂપણાભ્યામ્ ।

ઉપરોક્ત સૂત્ર છાંદોગ્ય ઉપનિષદમાંથી લેવામાં આવેલ છે.

એ શરીર પછી બીજા શરીરની પ્રાપ્તિ વખતે આ જીવાત્મા આવેલ છે. એ શરીર પછી બીજા શરીરની પ્રાપ્તિ વખતે આ જીવાત્મા શરીરના બીજરૂપ સુક્ષ્મ તત્વોથી સંપન્ન બનીને જાય છે. એ હકીકત પ્રશ્ન અને એના ઉત્તર થી સિદ્ધ થાય છે.

જીવાત્મા પહેલા શરીરને છોડીને બીજા શરીરમાં પ્રવેશ કરવા માટે પ્રયાણ કરે છે ત્યારે એકલો જ પ્રયાણ કરે છે કે પછી એની સાથે કોઈબીજું પણ જાય છે, એ વિષયના નિર્ણય માટે આ સૂત્રની રચના કરાઈ છે. શરીરને છોડીને બીજા શરીરમાં જનારો જીવાત્મા એકલો નથી જતો, પરંતુ બીજરૂપ માં રહેલા સૂક્ષ્મ તત્વો થી સંપન્ન બની ને પ્રયાણ કરે છે. અહીંયા એવું પ્રતિત કરી શકાય છે કે દુનિયાના બીજા દેશોની પ્રજા જ્યારે મોટે ભાગે ભૌતિક વાતો અને વિષયો માં જ રત હતી ત્યારે ભારતના ઋષિવરો જન્મમરણનાં તથા જગતનાં રહસ્યોનો ઉકેલ કરી ચૂકેલા અને એવા ઉકેલથી પોતાના જીવનની ધન્યતાને અનુભવી શક્યા હતા.

સુવિચાર

- છૂટ છે છલકાઈ પડવાની, ભલે છલકાય પણ,
  જાત છે ખાબોચિયાની ને ઘૂઘવતો શું હશે ?? - **મેઘના વોરા**
- યહ સોચકર કે કુરેદેંગે લોગ જખ્મોં કો, મૈં અપને ગમ કા કિસીકો પતા નહીં દેતા - **ઝમીર દોરાવાલા**
- વર્ગખંડો માં હું જે શૈક્ષણિક કાર્ય કરું છું તે નોબલ પારિતોષિકથી લેશ
  માત્ર ઓછા મહત્વનું નથી - **ફાધર વાલેસ**
- કોઈની પાસે ઘડી બે ઘડી બેસીને તમે હળવાશ અનુભવતા હોવ તો સમજી લો કે એ જ તમારું હિલસ્ટેશન છે - **એન.જે.ગોલીબાર**
- સારી વ્યક્તને પસંદ નહી કરો તો ચાલશે, પરંતુ એવી વ્યક્તિને પસંદ કરો જે તમને વધુ સારી વ્યકતિ બનાવે - **એસ ભટ્ટાચાર્ય**
- જૂના વસ્ત્રો ત્યાગીને નવા વસ્ત્રો ધારણ કરવા તે મૃત્યુ છે, જ્યારે જૂના વસ્ત્ર ત્યાગીને નવા ન પહેરવા તે સમાધિ છે - **શ્રી તરુણસાગરજી**
- આજનું ઔષધ : ગુલદાઉદી ની પાંદડીઓના પાંચ ગ્રામ રસમાં દસગ્રામ ખડી સાકર મેળવીને ખાવાથી મસામાંથી લોહી પડતું બંધ થાય છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

પચીસ વર્ષના ક્રિસને 'લિમ્ફોમાં' કેન્સરનું નિદાન થયું અમેરિકાના કિલવલેન્ડ ક્લીનીકમાં તેને વેન્ટીલેટર પર મુકવાની જરૂર પડી. એની માતાથી પુત્રનું દુઃખ સહન થઈ શકતું ન હતું.

તેણીએ રોજ અડધો કલાક પુત્રની પથારી પાસે બેસવાની પરવાનગી ડોક્ટરો પાસેથી મેળવી. અને રોજ તે પુત્રને ઉનાળાની ઋતુની વાતો, સૂર્યના હુંફાળા તડકાની વાતો, ફુલો, ઝરણાઓ પક્ષીઓના કલરવની વોતો કરવાની શરૂ કરી. એક બે દિવસમાં એવું બનવા લાગ્યું કે વેન્ટીલેટરમાં શ્વાસ લેવાતાં યંત્રમાં લાઈટ થતી અને અવાજ આવતો. નર્સ કહેલી કે આ વેન્ટીલેટર એવો સંકેત આપે છે કે 'એ સમયે ક્રિસ જાતે શ્વાસ લે છે' માતાની સ્નેહથી ભરેલી વાતોની સકારાત્મક અસર ક્રિસ પર થઈ. તેની તબીયતમાં ધીમો સુધારો નોંધાયો. ડોક્ટરોની સઘન સારવાર રોગને અટકાવનારી બની અને માતાએ રોજ પોઝીટીવ વાતોનું રટણ ચાલુ રાખ્યું ક્રિસના પ્રિય સંગીત સંભળાવવા એને હેડફોન આપ્યા. ભવિષ્યમાં ક્રિસે શું શું કરવાનું છે તેની યોજના કહેવા લાગી. બીજી બાજુ ક્રિસના પિતાની કાર આ હોસ્પિટલના બિલ માટે વેચવી પડી. ક્રિસની માતાના પ્રયત્નો સફળ રહ્યાં અને ત્રણેક મહિનામાં ક્રિસ સાજો થઈ ઘરે આવ્યો. જે દિવસે પ્રથમ વાર માતાએ એને વ્હાલપૂર્વક જે વાતો કરવી શરૂ કરી હતી એ દિવસને ક્રિસ પુનર્જન્મની વર્ષગાંઠ તરીકે દર વર્ષે ઉજવવા લાગ્યો.

ઈતિહાસનો કાળો અધ્યાય બની રહેશે આ કોરોનાકાળ

તંત્રીસ્થાનેથી...

'ઓલ ટાઈમ હાઈ' જેવા શબ્દ પ્રયોગથી હવે આપણે કંટાળી ગયા છીએ. કોરોના હજી કેટલી ઊંચાઈઓ આંબી કેટલા નવા વિક્રમો સ્થાપશે એની આગાહી કરવી અઘરી છે. વિશ્વ વિક્રમ તરીકે અમેરિકાની લગોલગ પહોંચી ગયા પછી અમેરિકાની જેમ જ કોરોના પર નિયંત્રણ મેળવવામાં પણ ભારત સફળ થશે ખરું ? વડાપ્રધાનનું પેલું આર્થિક મહાસત્તાવાળું સપનું તો હવામાં જ લટકતું રહી ગયું છે અને દેશભરમાં કોરોનાની સત્તા જામી ગઈ છે એની સામે ઝઝૂમવા વલખાં મારતા હોઈએ એવી પરિસ્થિતિ સરજાઈ છે. હાઈકોર્ટો અને સુપ્રીમ કોર્ટ રાજ્યોને અને કેન્દ્રને બરાબર ખખડાવે છે, હિસાબ માગે છે, જે સરકાર સરખી રીતે આપી શકવાની સ્થિતિમાં નથી. કોરોના સામેની લડાઈમાં સરકાર ગોથું ખાઈ ગઈ છે તે વાત હવે કોઈથી છાની નથી રહી. પ્રશ્ન એક્ટિવ કેસોમાં આવેલ ઉછાળાનો હોય, ઓક્સજન સપ્લાયના અભાવનો હોય કે રેમડેસિવિર ઈન્જેક્શનોના વેપલાનો હોય : સરકાર અદાલતો સામે નીચી મૂંડીએ અધ્ધરતાલ જવાબો અને હૈયાધારણ આપતી રહે છે. રસીકરણના મુદ્દે જરૂર જશ લઈ શકે એમ હતી, પરંતુ એમાં પણ ગરબડ - ગોટાળા ચાલે છે. મૃત્યુ આંક ગમે તેટલો છુપાવ્યા પછી પણ વિશ્વ વિક્રમને આંબતા કેસોને કારણે દુનિયા ભરમાં ભારત 'અસ્પૃશ્ય' જેની હાલતમાં મુકાઈ ગયેલ છે. કેનેડાએ ભારતની હવાઈયાત્રા પર પ્રતિબંધ ફરમાવ્યો છે તે સૂચક છે. ઓસ્ટ્રેલિયાએ શરૂથી જ એની સરહદો સીલ કરેલી છે. અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ક્યારેક કહ્યું હતું કે ભારતની હાલત અમેરિકા કરતાં ખરાબ થશે, તે આગાહી સાચી પડી છે.

કોવિડ-૧૯ મેનેજમેન્ટમાં એક પછી એક ભૂલોની પરંપરા સમજાતાં બેડથી લઈ ઓક્સીજનની બોટલ સુધીના પ્રશ્નો સરજાયા છે. કેટલાયે દર્દીઓ બેડ નહીં મળવાને કારણે હોમ આઈસોલેશનમાં ઓક્સીજન અને દવાની કિલ્લતને કારણે જીવ ગુમાવી ચૂક્યા છે. ગરીબ વર્ગનું તો કોઈ સાંભળતું જ નથી. આવી અરાજકતા એ તંત્રની નઘરોળ બેદરકારીનું જ પરિણામ છે. નેતાઓ તો ચૂંટણી લડવામાં વ્યસ્ત છે. એમને નિવેદનો અને ભાષણો સિવાય બીજું કંઈ આવડતું નથી. કોવિડની થપાર એમને પણ લાગી છે. પણ એમને જરૂરી સારવાર સમયસર મળી જાય છે કારણ કે તેઓ 'વીઆઈપી' છે. આ વીઆઈપી અને સામાન્ય માનવી - કોમન મેન વચ્ચેનો તફાવત કોરોનાની બીજી લહેરમાં અત્યંત બોલકો બની ને દેખાતો રહ્યો છે. સુપ્રિમ કોર્ટ માને છે કે કોવિડ રાષ્ટ્રીય સંકટ છે, પણ સરકાર એને હળવાશથી લેતી રહે છે. લોકડાઉનને એ અળખામણો ઈલાજ માને છે. કારણ કે ગયે વર્ષે કરેલ લોકડાઉનથી મજૂરથી માંડી મહાજન સુધી જે ઉઝરડા પડેલા છે તે હજી લગી રૂઝાયા નથી. રાજકારણથી પર જરાક ઉફરા રહીને આ 'રાષ્ટ્રીય કટોકટી'નો સામનો કરવો જોઈતો હતો પરંતુ એમાં શાસક પક્ષ કે વિપક્ષ સદંતર નિષ્ફળ રહ્યા છે. પાર્ટીને જશ મળે એ માટે પાર્ટીના લેબલ હેઠળ 'સેવાયજ્ઞો' શરૂ થયા છે. સરકાર અને શાસક પાર્ટી પણ સાથે ના ચાલી શક્તાં હોય ત્યાં વિપક્ષ સાથે તો શાસક પક્ષ બેસે જ શાનો ! ઉદ્યોગપતિઓ સતત વધુ ને વધુ માલેતુજાર થતા જાય છે અને ગરીબો પીસાતા જાય છે. રોજગાર છીનવાઈ જતાં ઘણા લોકોએ આત્મહત્યાનું અંતિમ પગલું ભર્યું છે. આ એક એવો વિષમ કાળ છે, જે ઈતિહાસમાં છપ્પનિયા દુકાળ કરતાં પણ વધુ ભયાનક રીતે સ્થાન પામશે. દુકાળ તો એકાદ પ્રદેશ પૂરતો પડતો હતો, કોરોનાએ આખી દુનિયા માથે લીધી છે !

ત્રાસ્યા આ જાહેરાતોથી!

મનના ઉમંગો
રણછોડ પરમાર

માણસ જન્મે ત્યારથી અનેક પ્રકારના ત્રાસો એને સહન કરવા પડે છે. નાના બાળકને ઊંઘવું હોય ત્યારે એને "હાય સ્વીટું" કરતાં રમાડનારા આવી જાય છે અને રમવું હોય ત્યારે ઘોડિયામાં પરાણે "હાલાલૂલૂ હાલા" ગાઈને ઊંઘાડી દેવામાં આવે છે. કર્કશ સૂરે ગવાતું હાલરડું વધારે ના સાંભળવું પડે એમ સમજીને જ બાળક જલ્દીથી સૂઈ જતું હશે. એ થોડું મોટું થાય ત્યાં નિશાળના ચોપડા, લેશન અને માસ્તરોનો ત્રાસ શરુ થાય. કોરોના કાળમાં સ્કુલે જવાનું બંધ થયું તો ઓનલાઈન એજ્યુકેશનનો ત્રાસ એના વિકલ્પ સ્વરુપે ખડો કરી દેવાયો.. નોકરી લાગ્યા તો ઓફિસમાં સાહેબોનો ત્રાસ. પરણ્યા પછી પત્નિનો ત્રાસ, પત્નિને વળી સાસુસસરા અને પતિદેવનો ત્રાસ. જ્યાં રહેતા હોઈએ ત્યાં પાડોશીઓનો ત્રાસ. જુવાન હોઈએ ત્યાં સુધી સામાજિક કામોમાં દોડાદોડીનો ત્રાસ. ઘરડા થઈએ પછી જાતજાતના દુખાવા અને ભાતભાતના રોગોનો ત્રાસ. પામર માણસ ઠાઠડીમાં આડો ના પડે ત્યાં સુધી ત્રાસ એનો પીછો છોડતો નથી. આમ માણસ જન્મે તે સમયે પહેલું "ઉવાં ઉવાં કરે" ત્યારથી માંડીને એ સાવ બોલતો બંધ થઈ જાય ત્યાં સુધી એને અનેક પ્રકારના ત્રાસ વેઠવા પડે છે. જીવનમાં આટલા ત્રાસ ઓછા હોય તેમ જાહેરખબરોનો ત્રાસ આધુનિક યુગમાં વધી ગયો છે. આમ તો " ના બોલ્યામાં નવ ગુણ " એવું કહેવાય છે, તો સામા પક્ષે" બોલે તેના બોર વેચાય" એવી કહેવત પણ છે. પહેલી કહેવત કેટલા લોકોએ પચાવી છે એ કહેવું અઘરું છે. પણ આજકાલની જાહેરાતો જોઈને એવું લાગે છે મોટાભાગના લોકોએ બીજી કહેવત પૂરેપૂરી હજમ કરી દીધી છે. દરેક જણ પોતપોતાના બોર વેચવા છાપાઓમાં, મેગેઝીનોમાં, રેડિયોમાં, ટીવીમાં, રસ્તા ઉપરના પોસ્ટરો અને હોર્ડિંગોમાં મોટે મોટેથી બૂમબરાડા પાડી રહ્યા છે. આ બૂમબરાડામાં બિચારા માણસનો અવાજ સાવ દબાઈ ગયો છે. સવાર પડે ને છાપાવાળો આપણા આંગણાંમાં ચાલતા વાહને છાપું ફગાવે છે. આપણી આંખો મસળતાં આજની તાજા ખબર જોવા બારણું ઉઘાડી બહાર આવી વર્તમાનપત્ર ઊઠાવીએ છીએ. જેવું છાપું હાથમાં લઈએ અને મુખ્ય મથાળું જોવા નજર કરીએ છીએ, તો સમાચાર દેખાવાના બદલે કોઈ કંપનીની કે બિલ્ડર્સની મસમોટી જાહેરખબર જોવી પડે છે. જાણે આ જાહેરખબર વાંચીને માણસ તુરત નાહ્યાધોયા વગર જ બજારમાં જઈને જાહેરાતવાળી વસ્તુ ખરીદવા જવાનો હોય કે પછી મકાન નોંધાવવા દોડવાનો હોય ! અરે ભાઈ, લોકો સમાચાર વાંચવા માટે છાપું મંગાવે છે, જાહેરખબર જોવા નહીં. પણ એમના લોહીમાં પેલી "બોલે એના જ બોર વેચાય" વાળી કહેવત પ્રસરી ગઈ હોય છે. એટલે છાપાના પાનાંઓમાં બૂમબરાડા પાડવાની એમને ટેવ પડી ગઈ હોય છે. એમને એ ખબર નથી હોતી કે હવે તો લોકો ચાખીને બોર વેચાતાં લે છે. ચાખેલું બોર ખાટું હશે તો "થૂ" કરીને થૂંકી નાખશે. કોઈ એને ખરીદવાનું નથી. એટલે જો તમારે બોર વેચવા જ હોય અને ઈજ્જત કમાવી હોય તો મીઠા બોર લાવો અને વેચો. મીઠા બોર ચાખનારો થોડાઘણાં બોર જરુર ખરીદશે. છાપાવાળાને તો કશુંય કર્યા વગર કમાણી થતી હોય તો બેચાર સમાચાર કાપી નાખીનેય જાહેરખબર છાપશે. અરે ભલું થશે તો કોઈનો લેખ કાપી નાખતાંય એ અચકાશે નહીં. નવાઈની વાત એ છે કે ઘણા લોકો કયા છાપાનાં કેટલાં પાનાં આવે છે તેની ચકાસણી કરીને જ પેપર બંધાવે છે. કેટલા સમાચાર આવે છે તે કોઈ જોતું નથી, તો કયા વર્તમાનપત્રમાં નિષ્પક્ષ સમાચારો આવે છે એ જોવા કોણ બેસવાનું ? અને કાર્યદક્ષ ગૃહિણી તો માસના અંતે ભેગી થતી પસ્તીના વજનની જ ચિંતા કરવાની ને ? મેગેઝીનોની દશા પણ વર્તમાનપત્રો જેવી જ છે. એમાં પણ જો આખા પાનાની જાહેર ખબર મળતી હોય તો સંપાદક એકાદો લેખ કે વાર્તા ઝટકો મારીને કાપી નાખે છે. એમાં મારા જેવા નવોદિતનો જ ભોગ લેવાય તે સ્વાભાવિક છે. દિવાળી અંકો તમે ધ્યાનથી જોયા હશે તો જરુર જાણતા હશો કે દરેક મેગેઝીનમાં ચિત્રો કરતાં જાહેરખબરો વધારે આવે છે. કોઈ કોઈ મેગેઝીનમાં તો વાર્તાઓ અને લેખો કરતાંય જાહેરખબરો વધારે જોવા મળે છે. આના જેવો ત્રાસ બીજો કયો હોઈ શકે ? આવા નકરા વેપારી યુગમાં જે સામયિકો એક પણ જાહેરખબર વગર પોતાના અંકો પ્રગટ કરે છે તેઓ સલામને પાત્ર છે. જ્યારથી ટીવીની બોલબાલા વધી છે, રેડિયોનો પ્રભાવ ઘટી ગયો છે. જેમણે નાનપણમાં રેડિયો સાંભળ્યો છે તેમણે પહેલવહેલી સંગીતમય જાહેરખબર રેડિયો ઉપર જ સાંભળી હશે. હવે ટેલિવીઝન ઉપર હિન્દી ગુજરાતી ફિલ્મો આવે છે. એટલે સિનેમાઘરો બંધ પડ્યાં છે. દૂરદર્શન ઉપર જે ચલચિત્રો આવે છે એમા વચ્ચે વચ્ચે જાહેરાતો આવતી રહે છે. ઘણાને એવું લાગે છે કે જાહેરાતોના પ્રવાહમાં વચ્ચે વચ્ચે પિક્ચર આવતું રહે છે. ક્રિકેટ મેચનો આંખે દેખ્યો અહેવાલ પહેલાં રેડિયો પર આવતો હતો ત્યારે પાનના ગલ્લે લોકો કોમેંટરી સાંભળવા ટોળે વળતા. તેના કારણે થોડીક પાનમસાલાની ઘરાકીયે વધતી. હવે ઘેર ઘેર ટીવી આવી ગયાં છે અને ક્રિકેટરસિયા વધી ગયા છે. બેટ્સમેનો જેટલા ચોગ્ગા અને છગ્ગા ફટકારે છે એના કરતાં કંપનીઓ વાળા જાહેરાતો વધારે ફટકારે છે. આમ તો દરેક ઓવરના અંતે ઓછામાં ઓછી ત્રણ જાહેરાતો ફટકારવામાં આવે છે. કોઈવાર એકાદી જાહેરાત વધી જાય તો આગલી ઓવરનો એક દડો કપાઈ જાય છે. આ બૉલમાં જ વિકેટ પડી હોય તો ધબાય નમઃ. જોનારો જાહેરાતવાળાને મણ મણની ચોપડાવે ! આ ત્રાસની ફરિયાદ કોને કરવી ? સામા પક્ષના બેટસમેનના ફટકા કરતા આ જાહેરાતોના ફટકા મગજમાં તમ્મર આવી જાય એવા જબરા વાગે છે. નોકરી જવા માટે કે કોઈ કામ માટે બજારમાં જતા હોઈએ તો રસ્તા ઉપર મોટા મોટા બોર્ડ પર જાહેરાતો એમનું ડાચુ ફાડીને ઊભી હોય છે. એમાં અડધા બોર્ડ તો સરકારના વિકાસના જ હોય છે. આમ તમને ક્યાંય વિકાસ જોવા મળે કે ના મળે પણ જાહેરખબરમાં જબરો વિકાસ જોવા મળે છે. એમાં નિશાળે જતા બાળકોના ખુશખુશાલ ચહેરા જોવા મળે, ખભે દાતરડું મૂકીને હસતો ખેડૂત જોવા મળે, કારખાનામાં કામ કરતો મજુર તબિયતથી ચા પીતો જોવા મળે. રસોડામાં રોટલા શેકતી ગ્રામ્ય સ્ત્રી મલકાતી પણ જોવા મળે. સરકાર જેવી સરકાર પણ માને છે કે બોલે એના જ બોર વેચાય. હવે આ જાહેરાત ઊંચું જોઈને વાંચતાં વાંચતા ચાલતા હોઈએ અને પોદળામાં પગ પડી જાય તો શું કરવું. ગાય અને કૂતરાં જેવા પ્રાણીઓ એમના કશાય કામની કશી જાહેરાત કરતા નથી. આવા ત્રાસનું શું કરવું એની કશી ખબર પડતી નથી !

હરિરસ : સંત કવિ ઈસરદાસજીની અમર રચના

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

'હરિરસ' ના એક પ્રકાશન પ્રસંગે લખાયેલા નીચેના શબ્દો આ ગ્રંથની મહત્તા તેમજ તેને પૂર્ણતઃ સમજનારની વિદ્વતા તરફ સન્માનની લાગણી કરાવ્યા સિવાય રહેશે નહિ. "ઈસરદાસજીની અનેક રચનાઓપૈકી આ રચનાનુંપ્રકાશન કરતી વખતે એક વિલક્ષણ અનુભવ થાય છે. મનમાં એક સંકોચનો ભાવ પણ છે. કદાચ એવુંન થાય કેઆ મહાન ભક્તકવિની ઉત્કૃષ્ટ રચનાનુંપ્રકાશન પૂરા આદર સાથેકરવાનોનિરધાર છે. તેમાં આ સંત — ભક્ત કવિ તરફ અજાણતા પણ કોઈ અનાદર ન થાય. ઈસરદાસજી પ્રત્યેની અનહદ શ્રધ્ધામાં કોઈ જુદો ભાવ વ્યક્ત ન થઈ જાય તેની ચિંતા રહે છે. "

ઉપરના શબ્દોમાં શ્રધ્ધા સાથેજ અંતરના આદરનો ઉમળકો છે. શબ્દો લખનાર ભારત સરકારમાં નાણામંત્રી તેમજ સંરક્ષણમંત્રીની જવાબદારી સંભાળી ચૂકેલા તથા વિદ્વતામાં દિગ્ગજ એવા જસવંતસિંહજીના છે. (હરિરસ. પ્રકાશક : ડિંગળ સાહિત્ય શોધ સંસ્થાન, દિલ્હી) સાહિતયની પરખ કરી શકે તેવા ઝવેરીઓની જ્યારે અદ્ભતનો ભાવ અનેક સર્જકો પ્રસંગોપાત અનુભવતા રહે છે ત્યારે જસવંતસિંહજીની થોડા સમય પહેલા થયેલી ચિરવિદાય ઘણાં સાહિત્ય પ્રેમીઓને ખટકી હતી. જસવંતસિંહજી કહે છે કે ભક્ત કવિ ઈસરદાસજી તરફ તેઓ તેમની કૃતિ 'હાલા ઝાલા રા કુંકલિયા' થી આકર્ષાયા હતા. વિમાનની લાંબી આંતરરાષ્ટ્રીય સફરોમાં 'હાલા ઝાલા રા કુંડલિયાલ્લ નું અધ્યયન/આચમન પોતાની મરુભૂમિની મીઠી સોડમની પ્રતિતિ કરાવી જતી હતી તેવું જસવંતસિંહજીએ નોંધ્યું છે. ભક્ત કવિ ઈસરદાસ તેમની કૃતિ 'હરિરસલ્લ થી અમરત્વને વરેલા છે. કવિઓની કીર્તિને મરણ કે વૃધ્ધત્વનો ભય હોતો નથી. ઉત્તમ કૃતિઓ હમેશા પ્રાસંગિક રહે છે. રામનવમીના પવિત્ર દિવસે પુનઃ ભક્તકવિ ઈસરદાસજીનું પાવન સ્મરણ થાય છે. ભક્ત કવિ ઈસરદાસજીના જન્મ સમય બાબત વિદ્વાનો એકમત નથી. પરંતુ મહદ અંશે તેમનો જન્મ વિ.સં. ૧૫૧૫ માં થયો હતો તેમ માનવામાં આવે છે. ઈસરદાસજીની ભક્તિભાવના પર ડૉકટરેટ કરનાર શિવદાન મહેડુનો તથા રતુભાઈ રોહડિયાનો પણ તેવો મત છે. (ગુજરાતના ચારણી સાહિત્યનો ઈતિહાસ : રતુભાઈ રોહડિયા. પ્રકાશક : ગુજરાત સાહિત્ય અકાદમી) ઈસરદાસજીનું અવસાન વિ.સં. ૧૬૨૨ માં થયું હોવાનું નોંધાયું છે. રાજસ્થાનમાં ઈસરદાસજી એક ચમત્કારી સંત તરીકેસુપ્રસિધ્ધ છે. એક સર્જક તરીકેઈસરદાસજીએ ભક્તિપ્રધાન તેમજ ઐતિહાસિક કૃતિઓની રચના કરી છે. જોકે આ સંત કવિ રચિત હરિરસ તથા દેવિયાંણ રચનાઓ વિશેષ પ્રસિધ્ધિ તેમજ વ્યાપક લોકઆદર પામ્યા છે. હરિરસનો સ્વાધ્યાય સારા માઠા પ્રસંગોએ કરવાની એક પ્રથા વિકાસ પામી છે. હરિરસ કે દેવિયાંણનું સમજપૂર્વકનું તથા શ્રધ્ધાથી કરેલું સેવન ઊંડો સાત્વિક આનંદ તેમજ પ્રસન્નતાના ભાવ જન્માવીને જાય છે. ઘણાં લોકોની તેવી પ્રતિતિવ છે.

હરિરસ રો રસ લેત હમેશ
લગે નહિ કાળ ભય લવલેશ
જપે કવિ ઈસર દો કર જોડ
કથંતાય પાપ ટળે દુઃખ ક્રોડ.

હરિરસની અનેક આવૃત્તિઓ કે તેનો રસાસ્વાદ કરાવતી કૃતિઓ ગુજરાત તથા રાજસ્થાનમાં સતત થતી રહી છે. ઈસરદાસજીની અનેક કૃતિઓ અપ્રગટ રહેવા પામી છે તેવી નોંધ અભ્યાસુ સંશોધક રતુભાઈ રોહડિયાએ કરી છે. (ગુજરાતના ચારણી સાહિત્યનો ઈતિહાસ : રતુભાઈ રોહડિયા) હરિરસમાંથી પસાર થતાં સ્પષ્ટ અનુભૂતિ થાય છે કે ભક્તકવિ ઈસરદાસજીએ જીવન જીવવા માટે તેમજ તેના ઘડતર માટે શ્રધ્ધા — ભક્તિથી અનેક વાતો સચોટતાથી કરી છે. નામ સ્મરણનો મોટો મહિમા જેમ સંત શિરોમણી તુલસીદાસજીએ કરેલો છે તેજ પ્રકારે ભક્તકવિ ઈસરદાસજીએ કર્યો છે.

રામનામ જપતા રહો
આઠે પહોર અખંડ
સમરણ સમ સોદા નહિ
નર દેખહું નવખંડ.

નામસ્મરણનો મહિમા એ સર્વ ધર્મોનો કેન્દ્રીય વિચાર છે. વિદ્વાન સાહિત્યકાર સ્વ. પુષ્કર ચંદરવાકરના મતે ઈસરદાસજી સર્વધર્મના ઉપાસક દીસે છે. તેથી તેમની કૃતિઓને સાંકડી વાડાબંધીમાં પૂરી ન શકાય. હરિરસ પઠનનું મૂલ્ય અનેક સમાજમાં છે. આ ગ્રંથના માધ્યમથી ભક્તકવિ અધ્યાત્મમાં ઊંડા ઉતરી ગયા હોય તેમ જણાય છે. શાસ્ત્રોનું અગાધ જ્ઞાન હરિરસમાં સંગ્રહિત કરીને ઈસરદાસજીએ ગાગરમાં સાગરને સમાવવાનો પ્રયાસ કર્યો છે.

'હરિરસ' જેવા ગ્રંથોનું શાશ્વત મૂલ્ય છે. તેમાં જીવન જીવવા માટેનું એક વ્યવહારુ તથા સચોટ માર્ગદર્શન છે. ભક્તિ કે શ્રધ્ધાનો તેમાં અભાવ નથી. કોઈ વિતંડાવાદ પણ નથી. સંતકવિને રામનામ રસાયણ સર્વશ્રેષ્ઠ લાગે છે. જીવન તથા મરણના પ્રશ્નો તેનાથી ઉકેલાતા હોય તો આ રસાયણના દાતાની વંશાવળી ક્યાં વાંચવાની જરૂર રહે છે ? તેઓ લખે છે :

વેદ તણી વંશાવળી
કહો કી વાંચણ કામ ?
મીટે રોગ જામણ મરણ
નિગમ લિયંતા નામ.

જેના નામ સ્મરણથી સંસારની આધિ વ્યાધિમાંથી મુક્તિ મળતી હોય તો બીજુ કોઈ ડહાપણ ડોળવામાં ભક્તકવિને સહેજ પણ રસ નથી.

ભક્તકવિ ઈસરદાસજીનો જન્મ મારવાડમાં ભાદ્રેશ ગામમાં થયો હતો. પિતા તથા માતા સરળ સ્વભાવના તેમજ પ્રભુપરાયણવૃતિ ધરાવતા હતા. ઈસરદાસજીના કાકા આશાજી પણ કવિત્વના ઉમદા ગુણ ધરાવતા હતા. ઈસરદાસજીના વંશજો ઈસરાણી — બારહટ્ટ તરીકે ઓળખાય છે. ઈસરદાસજીએ લગભગ — ૪૩ નાના મોટા ગ્રંથોની રચના કરી હોવાનું કહેવાય છે. (હરિરસ : ડિંગળ સાહિત્ય શોધ સંસ્થાન) સંસ્થાન) રાજસ્થાન તેમજ ગુજરાતમાં તેમને 'ઈસરા પરમેસરાલ્લ નું સન્માન આપી તેમની પ્રતિભાને વંદન કરવામાં આવેલ છે. કચ્છના રાવ ભારમલજીએ ઈસરદાસજીને વીરવીદરકા તેમજ હજનાળી ગામ ભેટમાં આપેલા હતા. ઈસરદાસજીનું નામ આપણાં ભક્તકવિઓના નામોમંડળમાં ઝળાહળા છે. હરિરસની ખરી મહત્તા તેના નિયમિત પઠનમાં છે. અનેક કુટુંબોમાં આજે પણ આ પ્રથા સંપૂર્ણ શ્રધ્ધા તેમજ આદર સાથે ટકી રહી છે.

કવિ ઈસર હરિરસ કિયો,
છંદ તીન સૌ સાઠ,
મહા દુષ્ટ પાવૈ મુક્તિ
જો નિત કીજૈ પાઠ.

જો ગાંધી હિન્દુસ્તાનના કુલમુખત્યાર બાદશાહ હોત તો...?

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

દક્ષિણ આફ્રિકી પત્રકારના પ્રશ્ન
સંબંધે મહાત્મા ગાંધીની કેફિયત

ઘણી વખત એવી ચર્ચા થાય છે કે મોહનદાસ કરમચંદ ગાંધી દેશના વડાપ્રધાન બન્યા હોત તો ? - આમ તો આ પ્રશ્ન કે પ્રશ્નની પરિધી ચર્ચા જ અસ્થાને છે. કારણ એક જ ગાંધી સત્તાધીશ બનવાનું વ્યક્તિત્વ જ ન હતા. જાહેર જીવનમાં સક્રીય રહીને સત્યના પ્રયોગો એ જ તેમના જીવનનું અંતિમ સત્ય હતું. પણ લેખની શરુઆતમાં જ મૂકાયેલા પ્રશ્ન વિધાન સંદર્ભે ખુદ મો.ક. ગાંધીએ જ જવાબ આપ્યો છે તે જોઈએ.

દક્ષિણ આફ્રિકાના વેસ્ટ મિન્સ્ટર ગેઝેટના તંત્રી શ્રીયુત સ્પેન્ડરે હિન્દુસ્તાનનો પ્રવાસ કરીને ગાંધીના વિશે લખતાં એવું નોંધ્યું હતું કે 'જો તેઓ (ગાંધી) હિન્દુસ્તાનના કુલમુખત્યાર બાદશાહ હોય તો યુરોપિયનોને હિંદુસ્તાનમાં દાખલ કરવા વિશે અને તેમના વસવાટ વિશે જે નિયમ કરે તે નિયમો કરી રહ્યા છે. તેનાથી બહુ જુદા ન હોય.લ્લ

મિ. સ્પેન્ડરનો આ લેખ વિશે જી.ડી. ચેટરજીએ પત્ર મારફતે મોકલ્યો હતો. ચેટરજીએ લેખને લિયો ટોલ્સટોય જેને ઈન્દ્રજાળ કહે છે તેના અદ્ભૂત દાખલા સમાન ગણાવ્યો હતો. અને ઉલ્લેખ પણ જરુરી છે કે સ્પેન્ડરે લેખમાં ગાંધીને 'સાધુ ગાંધીલ્લ ભલમનસાઈથી ભરેલા અને કોઈ પણ વર્તમાન વ્યવસ્થાને બદલવાને માટે હિંસક અથવા અરાજક સાધનો વપરાતાં હોય તો ત્યાં મારું કામ નથી એમ તેને ખરાં દિલથી પ્રતિપાદન કરાવનારા તરીકે પણ ઓળખાવ્યા હતા.

ભલમનસાઈથી ભરેલા સાધુ ગાંધી જો 'હિંદુસ્તાનના કુલમુખત્યાર બાદશાહલ્લ હોય તો શું કરત એ વિશે મિ. સ્પેન્ડરની કલ્પના કરતાં પોતાની કલ્પના વધારે સપ્રમાણ ગણાય એવી તાર્કિક દલીલ સાથે ગાંધી ખુદ તેમના વિચારો રજૂ કરે છે.

ગાંધી કહે છે, જો હું હિંદુસ્તાનનો બાદશાહ હોઉં તો તો હું તો નાતજાત, રંગ, વર્ણ કે ધર્મનો ભેદ માન્યા વિના મનુષ્યમાત્રને એક પિતાના પરિવાર ગણી હિંદીઓના ભાઈ ગણું, કારરણ મારા ધારવા પ્રમાણે સૌ એક પિતાનાં બાળકો છે એટલું જ નહીં, પણ ઉત્તમમાં ઉત્તમ અને કનિષ્ઠમાં કનિષ્ઠ મુક્તિ માટે સમાન શક્તિવાળા છે. હિંદમાં જે લશ્કર પડાવ નાખીને પડેલું છે તેમાંથી ઘણાખરાને હું રજા આપી દઉં, માત્ર દેશના નાગરિકોને ચોરો અને લૂંટારાઓથી બચાવવા માટે જેટલી પોલીસની જરુર હોય તેટલી પોલીસ જ રાખું. સરહદની જાતિઓને આજે લાંચ આપવામાં આવે છે તેમ હું લાંચ ન આપું. હું તો તેમની સાથે અતિશય મિત્રાચારીનો સંબંધ બાંધુ અને તે હેતુથી ત્યાં સુધારકો મોકલી તેમને